# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે એક દિવસના ગુજરાત પ્રવાસે.
2. કેન્દ્ર સરકારે માર્કેટિંગ સિઝન 2025-26 માટે કાચા શણનું લઘુત્તમ સમર્થન મૂલ્ય- MSP વધારવાનો નિર્ણય કર્યો
3. મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં સર્જાયેલી રેલવે દુર્ઘટનામાં 12 લોકોના મોત.
4. નેતાજી સુભાષચંદ્ર બોઝની 128મી જયંતિ નિમિત્તે આજે પરાક્રમ દિવસની ઉજવણી કરાશે
5. કોલકાતામાં રમાયેલી પાંચ ટી-20 મેચની શ્રેણીની પહેલી મેચમાં ભારતે ઇંગ્લેન્ડને હરાવ્યું

.............................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે એક દિવસના ગુજરાત પ્રવાસે આવશે. તેઓ અમદાવાદમાં સાત અને સુરતમાં વિવિધ વિકાસ પરિયોજનાના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

શ્રી શાહ આજે સવારે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્ઘાટન કરશે. ત્યાર બાદ તેઓ સુરતમાં શ્રી બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને શ્રી કુલચંદભાઈ જયકિશનદાસ વખારિયા સેનેટોરિયમનું ઉદ્ઘાટન કરશે.

સુરતના કાર્યક્રમ બાદ શ્રી શાહ અમદાવાદ મહાનગરપાલિકા અને રેલવે દ્વારા તૈયાર કરાયેલી વિવિધ વિકાસ લક્ષી યોજનાઓનું લોકાર્પણ કરશે. પ્રવાસના અંતે તેઓ સિમ્સ રેલવે ઓવરબ્રિજ નીચે બનેલા રમતગમત સંકુલનું લોકાર્પણ કરશે.

# CABINET MSP

સરકારે માર્કેટિંગ સિઝન 2025-26 માટે કાચા શણનું લઘુત્તમ સમર્થન મૂલ્ય- MSP વધારવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે નવી દિલ્હીમાં મંત્રીમંડળના નિર્ણયો અંગે માધ્યમોને માહિતી આપતા જણાવ્યું કે, કાચા શણ માટે પ્રતિ ક્વિન્ટલ 5 હજાર 650 રૂપિયાની MSP અપાશે, જે ગઈ માર્કેટિંગ સત્ર 2024-25ની સરખામણીએ 315 રૂપિયા વધુ છે. તેમણે કહ્યું, આનાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શણના ઉદ્યોગ પર નિર્ભર એવા 40 લાખ પરિવારને મદદ મળશે.

(બાઈટઃ પીયૂષ ગોયલ, કેન્દ્રીય મંત્રી MSP)

શ્રી ગોયલે જણાવ્યું, મંત્રીમંડળે રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન અંતર્ગત થયેલા કામની પણ સમીક્ષા કરી હતી.

(બાઈટઃ પીયૂષ ગોયલ, કેન્દ્રીય મંત્રી- રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન)

# REPUBLIC DAY FULL DRESS

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના કર્તવ્ય પથ પર આજે પ્રજાસત્તાક દિવસની પરેડનું ફૂલ ડ્રેસ રિહર્સલ થશે. આ અભ્યાસ સવારે સાડા 10 વાગ્યે વિજય ચોકથી શરૂ થશે. અભ્યાસ દરમિયાન ટી-90 ટેન્ક, નાગ મિસાઈલ સિસ્ટમ અને પિનાકા રૉકેટ સિસ્ટમ દેશની સેનાની શક્તિનું પ્રદર્શન કરશે. ઉપરાંત સશસ્ત્ર દળોની વિવિધ માર્ચિંગ ટુકડીઓ અને વિવિધ રાજ્યોના ટેબલો વિવિધ સાંસ્કૃતિક વારસાની ઝલક રજૂ કરશે.

ભારતીય વાયુસેનાના વિવિધ લડાકૂ જેટ અને વિમાન પણ કર્તવ્ય પથ પર આકાશી પ્રદર્શન કરશે. આ પ્રસંગે રાષ્ટ્રીય રાજધાનીમાં વ્યાપક અવરજવરની વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ, રિહર્સલ પરેડ વિજય ચોકથી શરૂ થઈ કર્તવ્ય પથ, સી-હેક્સાગન, નેતાજી સુભાષચંદ્ર બોઝ પ્રતિમા, તિલક માર્ગ, બહાદુરશાહ ઝફર માર્ગ અને નેતાજી સુભાષ માર્ગથી થઈ લાલ કિલ્લા સુધી જશે.

# REPUBLIC DAY PARADE TABLEAU

76મા પ્રજાસત્તાક દિવસની પરેડ દરમિયાન દેશની વિવિધતા અને સાંસ્કૃતિક વારસાને દર્શાવતી વિવિધ રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશ અને કેન્દ્રીય મંત્રાલયોની કુલ 26 ટેબલો તૈયાર કરાયા છે. આ વખતે ટૅબલોની વિષયવસ્તુ 'સ્વર્ણિમ્ ભારત વિરાસત અને વિકાસ' રહેશે. પરેડમાં 16 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સાથે 10 મંત્રાલય અને વિભાગોની વિશેષ વિષયવસ્તુવાળા ટેબલો પણ જોવા મળશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ ટૅબલો ભારતની વિવિધ ક્ષમતાઓનું પ્રદર્શન કરશે. આ વર્ષે પરેડનું વિશેષ આકર્ષણ એ છે કે, ત્રણેય સેનાઓની સશક્ત અને સલામત ભારતની વિષયવસ્તુવાળુ એક ટૅબલો પણ પરેડમાં જોડાશે. ઉપરાંત પરેડમાં પહેલી વાર હવામાન વિભાગનો ટૅબલો જોવા મળશે.

# RAIL INCIDENT

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના પચોરા તાલુકામાં સર્જાયેલી રેલવે દુર્ઘટનામાં 12 લોકોના મોત નીપજ્યા છે, જેમાં ત્રણ મહિલા અને 10 વર્ષનું એક બાળક પણ સામેલ છે. પ્રવાસી કર્ણાટક એક્સપ્રેસ ટ્રેન સાથે ટકરાતા આ અકસ્માત સર્જાયો હતો. જલગાંવ પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા 14 લોકોમાંથી એક પણ વ્યક્તિની હાલત ગંભીર નથી.

**મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતાં મૃતકોના પરિવારજનોને 5-5 લાખ રૂપિયાની સહાય રકમ આપવા અને ઈજાગ્રસ્તોની નિઃશુલ્ક સારવાર કરવાની જાહેરાત કરી હતી.**

**મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીના જણાવ્યા મુજબ, પુષ્પક એક્સપ્રેસના કેટલાક મુસાફરો કોચમાં આગ લાગવાની અપવાના કારણે ચેન ખેંચીને ટ્રેનમાંથી ઉતરી ગયા હતા.**

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.**

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# MAHAKUMBH AI CHATBOT

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન આવશ્યક સુવિધાઓની વ્યવસ્થા અંગે જાણવા માટે નવું ચેટબૉટ જાહેર કરાયું છે, જેમાં ત્રણ નવી વિશેષતા જોડવામાં આવી છે. આ ચેટબૉટનો ઉદ્દેશ મહાકુંભમાં શ્રદ્ધાળુઓના અનુભવને વધુ સારો બનાવવાનો છે.

# PARAKRAM DIVAS

નેતાજી સુભાષચંદ્ર બોઝની 128મી જયંતિ નિમિત્તે આજે પરાક્રમ દિવસની ઉજવણી કરાશે. આ ત્રણ દિવસના સમારોહનું આયોજન સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ઓડિશાના કટકમાં થઈ રહ્યું છે. અમારા પ્રતિનિધિએ જણાવ્યું કે, આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ઓડિશાના મુખ્યમંત્રી મોહનચરણ માંઝી કરશે. સાંભળીએ એક અહેવાલ

## (વૉઈસકાસ્ટ- આદર્શ કુમાર)

# CRICKET INDIA ENG T20

પાંચ ટી-20 મેંચની શ્રેણીની પહેલી મેચમાં ગઈકાલે ભારતે ઇંગ્લેંન્ડને સાત વિકેટથી હરાવ્યું છે. કોલકાતામાં રમાયેલી આ મેચમાં ઇંગ્લેંન્ડે પહેલા બેટિંગ કરી 132 રન બનાવ્યા. જ્યારે ભારતે 13 ઑવરમાં જ મેચ જીતી લીધી હતી. ઇંગ્લેંન્ડ તરફથી સૌથી વધુ 68 રન સુકાની જૉસ બટલરે બનાવ્યા. જ્યારે ભારત તરફથી અભિષેક શર્માએ 79 રન બનાવ્યા હતા. આ પહેલા ઑપનર ખેલાડીસંજુ સેમસન 26 રન બનાવીને આઉટ થઈ ગયા હતા.

આ તરફ ભારતીય બૉલર વરૂણ ચક્રવર્તીએ 3 અને અર્શદીપ સિંઘ, હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલે બે–બે વિકેટ લીધી હતી. હવે, આ શ્રેણીની બીજી મેચ શનિવારે ચેન્નઈમાં રમાશે.

# KHELO INDIA

ખેલો ઇન્ડિયા સીઝન આજથી લદ્દાખમાં ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2025 સાથે શરૂ થશે. રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સંસ્થાકીય સંગઠનોની બનેલી ઓગણીસ ટીમો પાંચ દિવસ સુધી આઇસ-હોકી અને આઇસ-સ્કેટિંગ બે કાર્યક્રમમાં ભાગ લેશે. આ ખેલો ઇન્ડિયાનો પહેલો ભાગ હશે. સ્કીઇંગ જેવી બરફની રમતોનો સમાવેશ થાય છે. બીજો ભાગ 22-25 ફેબ્રુઆરી દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં યોજાશે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આવતીકાલે લેહના પ્રતિષ્ઠિત નવાંગ દોરજય સ્ટોબદાન રમતગમત સંકુલ ખાતે ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપશે અને રમતોની શરૂઆતની જાહેરાત કરશે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનીલ પટેલ

- આજનાં તમામ અખબારોએ જળગાંવ પાસે સર્જાયેલા ટ્રેન અકસ્માતની ઘટનાને તસવીર સાથે હેડલાઇનમાં સ્થાન આપ્યું છે.
- અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ લીધેલાં નિર્ણયો અંગેનાં સમાચાર તમામ દૈનિકોનાં પ્રથમ પાને જોવા મળે છે. ગુજરાત સમાચાર લખે છે-ચીન પર પહેલી ફેબ્રુઆરીથી 10 ટકા ટેરિફ લાદવાનું ટ્રમ્પનું આયોજન
- નવગુજરાત સમયનું હેડીંગ છે- ભારતીયોને ફાયદો- એચવન બી વિઝા મુદ્દે ટ્રમ્પે સ્પષ્ટતા કરી
- ફુલછાબ જણાવે છે કે, અમેરિકામાં 18 હજાર ભારતીયોની હકાલપટ્ટીની તૈયારી
- કોટામાં વધુ બે વિદ્યાર્થીએ આત્મહત્યા કરીઃ 22 દિવસમાં છ વિદ્યાર્થિની આત્મહત્યા- આ સમાચાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા, દિવ્યભાસ્કર, નવગુજરાત સમય અને ગુજરાત સમાચારે પ્રથમ પાને લીધા છે.
- અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે ઉત્તરપ્રદેશ કેબિનેટના સભ્યો દ્વારા સંગમમાં ડૂબકીની તસવીર પહેલા પાને પ્રકાશિત કરી છે
- દિવ્ય ભાસ્કરના અહેવાલ પ્રમાણે- એક મહિનામાં સોનું 4100 ઊંચકાયું- ભાવ 82,800ની સપાટીએ
- અમદાવાદનો ફ્લાવર શો બે દિવસ લંબાવાયો-આ સમાચારને તમામ દૈનિકોએ સ્થાનિક પાના પર પ્રકાશિત કર્યા છે...